જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૨૪   શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૯૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ, ૧૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૭૯ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૯૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૯૪/૨૦૨૪

**સાયબર ક્રાઈમઃ** (૧) નરવિરસિંહ સામંતસિંહ ચૌહાણ (ઉ.વ.૫૮) (રહે. વિભાગ-૨ પાર્શ્વનાથ ટાઉનશીપ શિવાજી ચોક કૃષ્ણનગર) એ તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૪ બપોરના ૨/૪૫ થી સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૮૧૪૪૦૩૧૮૧૬ તથા ૯૬૯૨૬૫૪૯૭૬ ના ધારકે એસ.બી.આઇ બેંકના કર્મચારી તરીકે વાત-ચીત કરી, નરવિરસિંહના પિતાના પેન્સનનો ચેક હાથરવા બ્રાંચ ખાતે જમા કરાવેલ હોવા છતા આ ચેક બેંકમાંથી મળતો ન હોઇ, જે બાબતે નરવિરસિંહ સાથે બનેલ બનાવની વિગત પુછી, “તમને જે પ્રમાણે પ્રોસેસ કરવા સારૂ જણાવુ તે તમે કરો જેથી તમારા એકાઉન્ટમાં પૈસા જમા થઈ જશે” તેમ કહી વિશ્વાસમાં લઇ નરવિરસિંહના મોબાઇલ ફોનમાં Anydesk નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી, Anydesk એપ્લીકેશનનો કોડ મેળવી લઇ તેમજ નરવિરસિંહના બેંક ખાતાની પાસબુક અને એ.ટી.એમ. કાર્ડની વિગતો વ્હોટ્સ-એપ દ્વારા મોબાઇલ નંબર-૯૬૯૨૬૫૪૯૭૬ ઉપર મેળવી લઇ, નરવિરસિંહના એસ.બી.આઇ બેંકના ખાતામાંથી રૂપિયા ૪,૯૯,૯૯૯/- ઓન લાઇન મેળવી લઈ, નરવિરસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૫/૨૦૨૪**

**નરોડાઃ** પ્રેમપ્રકાશ વિષમદાસ રામનાની (રહે.અભિવૃધ્ધી ફ્લેટ રિઝર્વ બેંકની બાજુમા ઈન્કમટેક્ષ ઓફીસ નવરંગપુરા) એ તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૪ બપોરના ૨/30 થી તા.૧૬/૦૧/૨૦૨૪ સવારના ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા પાટીયા ખાતે સતલુજ હોટલની બાજુમા જોલી ઓટો મોબાઇલ નામની ટુ વ્હીલરના શો-રૂમ ખાતે ઓફીસની બહારના ભાગે દીવાલમા બાકોરૂ પાડી શો-રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ટેબલ ડ્રોઅરમાંથી કાંડા ઘડીયાળ નંગ-૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, ઇયરપોર્ડ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- ચાર્જર નંગ-૨ કિમત રૂપિયા 3૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૩૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ** **સમાચાર યાદી નં.૯૬/૨૦૨૪**

**પાલડીઃ** વિણાબહેન સતીષભાઇ શાહ (ઉ.વ.૬૨) (રહે. ન્યુ ફલાવર કુંજ સોસાયટી અજીતનાથ સોસાયટી સામે ફતેહપુરા પાલડી) તા.૦૯/૦૧/૨૦૨૪ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પાલડી ફતેહપુરા અવની ફલેટ આગળ ન્યુ ટ્રીનીટી સ્કુલ તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિણાબહેન શાહના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિણાબહેન શાહ એ તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેશંગભાઇ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૭/૨૦૨૪**

**ઓઢવઃ** શિવરામ બાબુરાવ રામટેકર (ઉ.વ.૪૨) (રહે. રાધા કૃષ્ણનગર લાલ બંગલા સામે હાટેકશ્વર રોડ અમરાઇવાડી) તા.૧૩/૦૧/૨૦૨૪ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રાજરાજ્ય કારખાના ખાતે ઉંચાઇ પરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૧/૨૦૨૪ બપોરના ૩/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૮/૨૦૨૪**

**સાબરમતીઃ** બળદેવભાઇ મેરાભાઇ રાઠોડ (ઉ.વ.૫૬) (રહે. ગાયત્રીનગર ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૪ રાતના ૦૦/૩૦ વાગ્યાના સુમારે "મેઘા ડમ્પર રેફ્રીજરેશન", ધરતી ફ્લેટ, પંચવટી બંગ્લોઝ સામે ન્યુ-રાણીપ ખાતે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવિરસિંહ વજેસિંહ ચલાવે છે.

**સરખેજઃ** જાહલબહેન વા/ઓ સુરેશભાઇ ઠાકોર (ઉ.વ.૨૫) (રહે.ગામ-તેલાવ તા-સાણંદ જી-અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સરખેજ મોહમદપુરા ખાતે પોતાના પિતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એસ.વી.પી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૧/૨૦૨૪ કલાક ૨/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.ગોસ્વામી ચલાવે છે.

**બાપુનગરઃ** ધર્મેશકુમાર ઈશ્વરભાઈ પંચાલ (ઉ.વ.૫૨) (રહે. શુભલક્ષ્મી ફ્લેટ ડી/૧૯ દવાખાના પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૪ કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.પ્રજાપતી ચલાવે છે.

**નિકોલઃ** નિરવકુમાર રતિલાલ પરમાર (ઉ.વ.૩૭) (રહે. પાવન એપાર્ટમેન્ટ રતનપાર્ક-૨ સોસાયટીની અંદર ઉત્તમનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી જલ્પાબહેન દિપકકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી